
# 'પુકારો ગમે તે સ્વરે હું મળીશ, સમયના કોઇ પણ થરે મળીશ'



પોરબંદરની ગોઢાણિયા કોલેજના રજતજયંતી મહોત્સવ અંતર્ગત કવિ સંમેલન મળ્યું ત્યારની તસવીર.

## પોરબંદરની ગોઢાણિયા કોલેજમાં રાજેન્દ્ર શુકલની ઉપસ્થિતિમાં કવિ સંમેલન

પોરબંદરઃ અહીંની ડો.વી. આર.ગોઢાણિયા મહિલા કોલેજના રજતજયંતી વર્ષની ઉજવણી નિમિતે ગુજરાતના જાણીતા કવિઓનું કવિ સંમેલન રોટરી ક્લબના સહયોગથી યોજાયું હતું.

પ્રિન્સિપાલ ડો.અનુપમ નાગરે સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે કોલેજ ૨૫ વર્ષ પૂરા કરી ૨૬માં વર્ષમાં પ્રવેશ કરી બૌધ્ધિક વટવૃક્ષ બન્યું છે. સંસ્થાના પ્રમુખ ડો.વિરમભાઇ ગોઢાણિયાએ કવિઓને આવકાર્યા હતા. કોલેજના ટ્રસ્ટી ભરતભાઇ વિસાણા, રોટરી ક્લબના પ્રમુખ રોહિત લાખાણીની ઉપસ્થિતિમાં કવિ સંમેલનનું દીપપ્રાગટ્ય કવિ ચીનુ મોદી અને રાજેન્દ્ર શુકલના હસ્તે કરાયું હતું. કોલેજના ટ્રસ્ટી ભરતભાઇ વિસાણાએ કાવ્યને જીવનનું ઔષધ ગણાવ્યું હતું. કોલેજના હિન્દી વિષયના ડો.એમ.એન.વાઘેલા લિખિત માખનલાલ ચતુર્વેદી એવંમ ઝવેરચંદ મેઘાણી કી કવિતા મેં રાષ્ટ્રીય ચેતના પુસ્તકનું વિમોચન ચીનુ મોદી અને રાજેન્દ્ર શુકલના હસ્તે કરાયું હતું. કવિ સંમેલનનું સંચાલન અમદાવાદના કવિ નિસર્ગ આહીરે કર્યુ હતું.

કવિ રાજેન્દ્ર શુકલએ

*પુકારો ગમે તે સ્વરે મળીશ,*
*સમયના કોઇ પણ થરે મળીશ,*

ચીનુ મોદીએ

*જોઇ અટુલી મ્હેક સમય પૂછતો ફરે*
*ફોર્યા અહીં જે ફૂલ ને ક્યારે ખરી ગયા?*

*ઠીક છે ઈર્શાદ ! કે એને નથી તારુ સ્મરણ*
*કોઇ ઝાકળની નિશાની પુષ્પ પર દેખાય છે?*

સંજુ વાળાએ

*સહજ સાંભળે એક બાળા ગુણીજન*
*ગઝલ- ગીતની પાઠશાળા ગુણીજન*
*પઢી પ્રેમની પાંચ માળા ગુણીજન*
*ખુલ્યા બંધ દ્વારોના તાળા ગુણીજન*

અમદાવાદના નિસર્ગ આહીરે

*નથી પંખીની જાત કે મનભરી ઉડુ*
*નથી ઝાડવું કે જિંદગીને ભરઝુરું*
*હું તો અધર જઇને અટકી ગયેલ*
*કોઇ હિચકાનું સપનું અધૂરું*
*છે અને નથી ની જાતરા નોંધારી*

જેવી કૃતિ ઉપરાંત અમદાવાદના ડો.પૂર્વી ઓઝા, જામનગરના યાવર કાદરી, રાજકોટના મહેન્દ્ર જોષી, ડો.અનિરુધ્ધસિંહ ગોહિલ, ભાવનગરના ડો.ઘનશ્યામસિંહ રાઠોડ વગેરેએ પોતાની કૃતિ રજૂ કરી હતી.

રોટરી ક્લબના હેમંતભાઇ કોટેચા, પ્રતીશ લાખાણી, કેળવણીકાર ડો.ઇશ્વરભાઇ ભરડા, જાણીતા લેખક દુર્ગેશ ઓઝા વગેરે હાજર હતા.